સંકલિત બાળ સુરક્ષા યોજના (I.C.P.S.)ના અસરકારક અમલ માટે તાલુકા કક્ષાની બાળ સુરક્ષા સમિતિ અને ગ્રામ્ય કક્ષાની બાળ સુરક્ષા સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક જજઅ/૧૦૨૦૧૩/૨૫૦૯૬૪/છ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૧/ ૦૯/ ૨૦૧૬.

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાકઃ જજઅ-૧૦૨૦૧૧-આઇસીપીએસ/છ, તા.૨૦.૦૧.૨૦૧૧.

(૨) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી અને નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાકઃ સસુખા/ આઈસીપીએસ/ જીએસસીપીએસ/૨૦૧૨-૧૩, તા.૬.૪.૨૦૧૩.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાકઃ સસુખા/ સીપીડી/૨૭ /૨૦૧૬-૧૭/૩૨૧૦, તા.૧૬.૬.૨૦૧૬.

આમુખ:

દેશમાં બાળકોને સુરક્ષિત વાતાવરણ પુરું પાડવા અને તેમનો વિકાસ કરવા માટે વિવિધ યોજનાઓ અમલમાં હતી. ભારત સરકાર દ્વારા આવી યોજનાઓને એક છત્ર હેઠળ લાવી સંકલિત બાળ સુરક્ષા યોજના (Integrated Child Protection Scheme) અમલમાં મુકવામાં આવેલ છે.

ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજનાની માર્ગદર્શિકામાં તેમજ ગુજરાત જુવેનાઈલ જસ્ટીસ રૂલ્સમાં બાળ સુરક્ષા સમિતિ, જિલ્લા બાળ સુરક્ષા સમિતિ, તાલુકા કક્ષાની બાળ સુરક્ષા સમિતિ તથા ગ્રામ્ય કક્ષાની બાળ સુરક્ષા સમિતિની રચના કરવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧)ના તા.૨૦.૦૧.૨૦૧૧ના ઠરાવથી રાજ્ય બાળ સુરક્ષા સમિતિ તથા જિલ્લા બાળ સુરક્ષા સમિતિની રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાક: (૨) અને (૩)માં દર્શાવેલ પત્રોથી તાલુકા બાળ સુરક્ષા સમિતિ તથા ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિની રચના કરવા માટે આ વિભાગને કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે સંકલિત બાળ સુરક્ષા યોજનાના અસરકારક અમલ માટે નીચે જણાવ્યા મુજબ તાલુકા કક્ષાની બાળ સુરક્ષા સમિતિ તથા ગ્રામ્ય કક્ષાની બાળ સુરક્ષા સમિતિની આથી રચના કરવામાં આવે છે.

<u>તાલુકા કક્ષાએ બાળ સુરક્ષા સમિતિ</u> :-

રાજ્યના તમામ તાલુકાઓમાં નીચે જણાવ્યા મુજબના સભ્યોની બનેલી સમિતિ રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | તાલુકા પંચાયતના પ્રમુખશ્રી | અધ્યક્ષ |
| (૨) | તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્ય સચિવ |
| (૩) | જિલ્લા બાળ સુરક્ષા એકમના પ્રતિનિધિશ્રી | સભ્ય |
| (૪) | ICDSના ચાઈલ્ડ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ ઓફીસરશ્રી(CDPO) | સભ્ય |
| (૫) | બ્લોક હેલ્થ ઓફીસરશ્રી | સભ્ય |
| (૬) | તાલુકા કેળવણી નિરીક્ષકશ્રી | સભ્ય |
| (૭) | ગ્રામ્ય કક્ષાની બાળ સુરક્ષા સમિતિના અધ્યક્ષશ્રી(રોટેશન)<br>(જિલ્લા બાળ સુરક્ષા સમિતિના સભ્ય સચિવ નક્કી કરે તે મુજબ) | સભ્ય |
| (૮) | સમાજના પ્રતિનિધિ / NGO ના પ્રતિનિધિશ્રી<br>(જિલ્લા બાળ સુરક્ષા સમિતિના સભ્ય સચિવ નક્કી કરે તે મુજબ) | સભ્ય |

## <u>ગ્રામ્ય કક્ષાની બાળ સુરક્ષા સમિતિ</u> :-

રાજ્યના તમામ ગામમાં નીચે જણાવ્યા મુજબના સભ્યોની બનેલી સમિતિ રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | ગ્રામ પંચાયતના સરપંચશ્રી | અધ્યક્ષ |
| (૨) | બાળકોના બે પ્રતિનિધિઓ | સભ્ય |
| (૩) | તલાટી કમ મંત્રીશ્રી | સભ્ય સચિવ |
| (૪) | આંગણવાડી કાર્યકર્તા | સભ્ય |
| (૫) | પ્રાથમિક શાળાના શિક્ષક / આચાર્યશ્રી | સભ્ય |
| (૬) | મિડવાઈફ / નર્સ | સભ્ય |
| (૭) | ગામના પ્રતિષ્ઠિત નાગરિક | સભ્ય |
| (૮) | નાગરિક સમાજ (Civil society)ના પ્રતિનિધિઓ | સભ્ય |

➢ <u>ગ્રામ્ય અને તાલુકા બાળ સુરક્ષા સમિતિના ઉદ્દેશ: .</u>

ઉપરોકત ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિ અને તાલુકા બાળ સુરક્ષા સમિતિ દ્વારા બાળા અધિકાર સંરક્ષણ તેમજ કોઇ પણ પ્રકારના બાળ અધિકાર ઉલ્લંઘનના કિસ્સામાં કાયદાકીય જોગવાઇઓને ધ્યાને લઈ નિયમાનુસાર કાર્યવાહી કરવી.

## <u>ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિ/ તાલુકા બાળ સુરક્ષા સમિતિની કામગીરી.</u>

૧. જાગૃતિ લાવવી:

ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિ સમુદાયમાં જાગૃતિ લાવવાની કામગીરી કરશે. બાળલગ્ન, બાળમજુરી, શાળાએ ન જવું, બાળકોનો વેપાર, બાળકોનું શોષણ વગેરે મુદ્દાઓને ધ્યાને લઇ કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લઇ વિવિધ માધ્યમો દ્વારા જાગૃતિ લાવવાની કામગીરી કરશે.

૨. કાયદાનું પાલન કરાવવું :

બાળકોના અધિકારોનું રક્ષણ કરતા કાયદાનું ઉલ્લઘન કોઇપણ દ્વારા થતુ હોય ત્યારે ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિ કાયદાનું પાલન કરાવશે. તાલુકા કક્ષાએ ચાઇલ્ડ વેલ્ફેર ઓફિસર સાથે રહીને કાયદાનું પાલન કરાવવું.

૩. સંકલન કરવું :

સરકારની વિવિધ યોજનાઓનો લાભ જરૂરિયાતવાળા બાળકો સુધી પહોંચાડવા માટે વિવિધ વિભાગો સાથે ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિએ સંકલન કરવું.

૪. આયોજન તૈયાર કરવું :

ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિ ગામના તમામ બાળકો સાથે ચર્ચા કરી સમયાંતરે આયોજન તૈયાર કરવું.

૫. માસિક આયોજન અને સમીક્ષા બેઠક :

ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિની બેઠક દર માસે મળશે જેના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે. જેનું રિપોર્ટીંગ તાલુકા બાળ સુરક્ષા સમિતિને કરશે. તાલુકા બાળ સુરક્ષા સમિતિની બેઠક દર ત્રણ મહિને મળશે. તાલુકા બાળ સુરક્ષા સમિતિ જિલ્લા બાળ સુરક્ષા એકમ સમક્ષ ત્રિમાસિક અહેવાલ રજુ કરશે. જિલ્લા બાળ સુરક્ષા એકમ જિલ્લા કલેકટરશ્રીને ત્રિમાસિક અહેવાલ રજુ કરશે. તમામ થયેલ ચર્ચાઓ નિર્ણયો એજન્ડાની નોંધ નક્કી કરેલ ફોર્મેટ મુજબ ગ્રામ્ય/તાલુકા કક્ષાએ નિયમિત અપડેટ કરવાના રહેશે.

ઉપર્યુક્ત સમિતિઓની કામગીરી અંગે આઇ.સી.પી.એસ. યોજના અંતર્ગત રચાયેલ ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટીએ નક્કી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એમ.એલ.ભગોરા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (મ. અને બા.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ રાઇટસ, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- કમિશનરશ્રી, મ.ભો. અને શાળા, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સે.૧૦-એ, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સી.ઇ.ઓ.શ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર.
- શ્રમ આયુક્તશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતઃ નિયામકશ્રી, સમાજ સુરક્ષા).
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા. ન્યા. અને અધિ. વિભાગ. વિભાગની વેબસાઇટમાં છ-શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ.